સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

સલામી સવારની..

કૌભાંડનો નિયમ હવે બધા ખર્ચામાં છે,
વિદ્યાન ને લોકસભાનું શિસ્ત ગર્તામાં છે,
ફડચામાં છે નિગમો-સહકારી સંસ્થાઓ -
આપણી લાચારી તો જુઓ! સૈન્ય ચર્ચામાં છે

હાઈકુ

મૉંઘવારીનો,
બેતાલીસ ડીગ્રીનો
દઝાડે તાપ!

ઘાવી જાય છે
ડેરીઓના વાછડા
બાળ નું દૂધ..

ચિંતન

સત્યાનુસારિણી લક્ષ્મીઃ કીર્તિસ્ત્યાગાનુ સારિણી ।
અભ્યાસસારિણી વિદ્યા બુદ્ધિઃ કર્માનુ સારિણી ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :-

'લક્ષ્મી સત્યને અનુસરનારી છે, કીર્તિ ત્યાગને અનુસરનારી છે, વિદ્યા, અભ્યાસને અનુસરનારી છે અને બુદ્ધિ કર્મને અનુસરનારી છે.'

જ્યાં નિષ્ઠા-ન્યાય અને નીતિ હોય ત્યાં સત્ય રહે છે, સચ્ચાઇથી વ્યવહાર કરવામાં આવે ત્યાં અનીતિ-ભય-ચિંતા રહેતાં નથી. સાચો માણસ સૌને પ્રિય છે. તેને કારણે વિશ્વાસ વધે છે આવા કર્મચારીની કદર થાય, વેપારીની નિષ્ઠા કારણે વેંચાણ વધે છે. શુધ્ધ વહેવાર હોય ત્યાં લક્ષ્મી ટકે છે.

જે માણસમાં ત્યાગ અને સમર્પણની ભાવના હોય તેનું સમાજમાં મહત્ત્વ હોય છે. તેનો સૌ વિશ્વાસ કરે છે, એવા ચારિત્ર્યનું સર્વ સન્માન કરે છે અને કીર્તિ પ્રાપ્ત થાય છે.

જો વિદ્યાર્થી સર્વ સુખ-ભોગ-આરામનો ત્યાગ કરી 'તપસ્વી' જેમ ભુખ-દુઃખ, તડકો-છાંયડો, નિંદ્રા બધું જ ભૂલી જઇ 'અભ્યાસ' પાછળ લાગ્યો રહે તો જ તેને વિદ્યા પ્રાપ્ત થાય છે.

સત્કર્મ કરનાર હંમેશા સાત્ત્વિક વિચાર કરનારા હોય છે. સાત્ત્વિક બુદ્ધિ હોય તો જ સુંદર કાર્યો થાય છે.

સુવિચાર

- સ્વજન હોય તે ક્ષમા કરે, સંભરામણી ન કરે, પ્રેમ સભર આશ્વાસન આપે, ન્યાય ન કરે - એસ. ભટાચાર્ય
- ખિન્નતા, ઉદાસીનતા, ઉચાટ મનની મલિનતાનો પડછાયો છે, પ્રસન્નતા અંતઃકરણની પવિત્રતાનું પ્રતિબિંબ છે - ભગવાન બુધ્ધ
- કવિ-સાહિત્યકારમાં નમ્રતાની નબળાઇ ભાગ્યે જ જોવા મળે છે - સર્વાન્ટિસ
- સત્યની ભાષા સદાય સરળ હોય છે - સેનેકા
- જ્યાં સુધી ફિલસૂફો સરકાર ચલાવતા ન થાય કે સરકાર ચલાવનારા જો ફિલસૂફો ન થાય ત્યાં સુધી પ્રજાના દુઃખોનો અંત આવવાનો નથી - પ્લેટો
- પૂર્વગ્રહો કરતાં 'અજ્ઞાન' સત્યથી ઓછું દૂર હોય છે - ડિડેરો
- 'લગ્ન' એ એક અનિવાર્ય દુષણ છે - મિનેન્ડર

બોધકથા

આજકાલના 'રાજાઓ' ના વિશાળ બંગલા, આઠ-દસ ગાડીઓ, સોના-ચાંદીની ઘરવખરી, જમીન પ્લોટ 'ફિક્સ' વધારામાંને વૈભવી જિંદગી જીવે છે, તો સંસાર છોડ્યા પછી વૈભવી આશ્રમોમાં સંત-મહંત પણ સુખની જિંદગી જીવે છે તો નાગા બાવા ધૂણી પાસે ચલમ પીને જિંદગી આરામથી જીવે છે.

અકબર-બીરબલ એકવાર કુંભ મેળામાં ગયાં ત્યાં રાજાએ હાથી પર જરિયાન વસ્ત્રો પહરેલા મોટા મોટા સંત-મહંત જોયા, નાગા બાવા જોયા અને વીઆઇપી પ્રધાનો ખાસ લાલ લાઇટવાળી ગાડીમાં ગંગા-સ્નાન માટે આવતા જોયા.. આવા પણ પ્રકારના સમાજને જોઇ અકબર વિચારમાં પડી ગયો!

બીરબલે ચિંતાનું કારણ પૂછ્યું.

રાજા કહે અહીં નગ્ન બાવા પણ આનંદથી જીવે છે, ધનિક મહંતો પણ સુખી દેખાય છે અને આ રાજા-પ્રધાનો તો વૈભવી જીવન જીવે જ છે! તો ખરેખર સુખી કોણ?

બીરબર કહે, એ અત્યારે નક્કી ન થાય માણસ જ્યારે છેલ્લા શ્વાસ લેતો પથારી પર પડ્યો હોય ત્યારે એ પોતે સ્વીકારે કે એ સુખી કે દુઃખી એ જ સાચું.

આજકાલના રાજાઓ-પ્રધાનો લગભગ જેલમાં કે ફાંસીને માચડે જ મરે, સંત-મહંતો-મઠાધીશો લગભગ બદનામીમાં મરે, અને નગ્ન બાવા નિજાનંદમાં કે ચરસમાં બેભાન થઇ મરે.. મરનાર પોતે સ્વીકાર કરે કે સુખી કે દુઃખી?

બાદશાહને સંતોષ થયો.

મહાવીર જયંતિએ અહિંસામાં શ્રદ્ધા વ્યક્ત કરીએ

તંત્રી સ્થાનેથી...

આજે મહાવીર જયંતિ, જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાશે. ભગવાન મહાવીરના જીવનનો સંદેશ સમાજમાં વધુ અસરકારક કેવી રીતે બને એના સહસિંચનનો દિવસ છે. અહિંસા પરમો ધર્મનો સંદેશ વિશ્વને આપનાર ભગવાન મહાવીરે ભારત ભૂમિને પાવન કરી છે. 'વેર થી વેર શમે નહિ' આ ભાવનાને ચરિતાર્થ કરી સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવા જૈન સંપ્રદાયના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે સમાજને એક નવી દિશા આપી છે. તપ અને ત્યાગને જીવનનું આભૂષણ બનાવી ઉપદેશકની ભૂમિકાને સ્પષ્ટ કરી છે. આજે ભગવાન મહાવીરના જીવન સૂત્રો એટલા જ પ્રસ્તુત છે, જે વર્ષો પહેલા હતા.

પ્રાંત-પ્રાંત વચ્ચે, દેશ-દેશ વચ્ચે વિવાદે વરવુ સ્થાન લીધું છે. આતંકવાદના નામે હિંસાની હોળી થાય છે. કોમ-કોમ વચ્ચે ઝેર ફેલાવાય છે. સંપ્રદાયોમાં સ્પર્ધાત્મક માહોલને કારણે કડવાશ વધતી જાય છે. આ તમામ પરિણામો સામાજિક હાલાકી નિર્માણ કરે છે. માનવ-માનવ એકબીજાનો સ્પર્ધક બને છે અને આંતરિક લાગણીઓમાં વેરની વૃત્તિઓ વહે છે. પાડી દેવાના અને બતાવી દેવાના ઉત્તેજિત વિચારો સમાજને વહેંચે છે. ત્યારે ભગવાન મહાવીરના જીવન સૂત્રોને સ્મરણ પટ પર લાવવા અનિવાર્ય બન્યા છે. વેરથી વેર શમે ના - આ ભગવાન મહાવીરના સૂત્રને જીવન અને જગતની તમામ ક્ષણોએ પ્રગટતુ અને પ્રસરાવતું રાખીએ તો મહાવીર જયંતિની ઉજવણી યથાર્થ બને. તપ અને ત્યાગના શિરમોર ભગવાન મહાવીર સંપ્રદાયો અને ધર્મગુરુઓને ખૂબ ઉપયોગી સંદેશ આપે છે. જે આજે ખૂબ જ જરૂરી છે. અહિંસામાં શ્રધ્ધા ભારતની ભૂમિ ઉપર ભગવાન મહાવીરથી મહાત્મા ગાંધી સુધીએ વ્યક્ત કરી છે. ત્યારે આ ભૂમિના સંતાન હોવાના નાતે આપણે આ શ્રધ્ધાથી છલોછલ રહેવું પડે. આજે મહાવીર જયંતિના પાવન પર્વે આપણે સૌ સાથે મળી પ્રતિબધ્ધતા વ્યક્ત કરીએ કે હિંસા કરશું નહિ - કરવા દઈશું નહિ અને કોઈ હિંસા કરે તો સ્વીકારશું નહિ. સમાજમાં સમજણપૂર્વક અહિંસાની પ્રતિષ્ઠા થાય એવી સંકલ્પતા વ્યક્ત કરીએ એ જ મહાવીર જયંતિની ઉજવણીનો સંદેશ છે.

સફળતા મેળવી પણ આપણે ગુમાવી દીધી છે સરળતા - નિખાલસતા - માણસાઈ બીજા પ્રત્યેની સાચા હૃદયની લાગણીઓ - ચહેરા પરનું નિષ્પાપ હાસ્ય

પારિજાત
- રેખા ભટ્ટ

બાળ સહજ હોડી જેવું કંઇ કાગળ કાગળ રમીએ
પાછળ વહેતું આવે જીવન આગળ આગળ રમીએ.
- ગની દહીંવાલા

આપણી સિદ્ધિઓનું / એચિવમેન્ટ્સનું લીસ્ટ બહુ લાંબુ છે. અનાયાસે નથી મળ્યું આ બધું - ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે - ઘણું જતું કરવું પડ્યું છે. પણ આજે ઇચ્છીત બધું મેળવી લીધું છે. એક જાતની મગરૂરી પણ થાય છે કે , હા - આ બધું મારાથી મેળવી શકાયું છે. જે સપનામાં જોયું હતું તે સાકાર થયું છે. તોય જ્યારે એકલા પડવાનું થાય ત્યારે મનમાંથી એક દબાયેલી ચીસ કેમ સંભાળાયા કરે છે?

આગળ પહોંચવા મૂકેલી દોટમાં કેટલાંયે સ્વજનો પાછળ રહી ગયા છે. સફળતાની ટોચ પર માત્ર એકલતા છે કેમ કે, આ બધું મેં મેળવ્યું છે એમ બોલવાની સાથે જ મિત્રો - સ્વજનો કૌંસમાં ધકેલાઇ જાય છે. અને સફળતાનો આનંદ એકલા ભોગવી શકાતો નથી. દુઃખ એકલા સહન કરી શકાય પણ નાનું અમથું ય સુખ વહેંચવા ભાગીદાર જોઇએ જ. પણ આપણા 'ego' નો પડછાયો એટલો વિરાટ હોય છે કે તેમાં ઘણું બધું ઢંકાઇ જાય છે.



સફળતા મેળવી પણ આપણે ગુમાવી દીધી છે સરળતા - નિખાલસતા - માણસાઇ - બીજા પ્રત્યેની સાચા હૃદયની લાગણીઓ - ચહેરા પરનું નિષ્પાપ હાસ્ય.

એટલે ફરી પાછા નીચે બે પગથિયાં ઉતરવું રહ્યું. જેમને હડસેલીને આગળ દોડ્યા તેમનો હાથ પકડીને સાથે ચાલવા માટે. એકદમ ઉપર ગયા પછી, એનાથી ક્યાંક આગળ જવાતું ન હોવાથી ઊંચા આસનેથી નીચે આવવું જ રહ્યું.

અમે કેરાલા ફરવા ગયા હતાં. ત્યાં National Park છે. પહાડી રસ્તા ઉપર વનવિભાગની બસ ગોળ-ગોળ ફરતી ફરતી ઊંચે ને ઊંચે લઇ જાય છે. વાદળોને પણ પાર કરીને - નીચે ગામ - વસ્તી - લોકો - નદી નાનાં થઇ જઇ અદૃશ્ય થઇ જાય છે. બધું રળિયામણું અને સુંદર લાગે છે. આપણાથી ખુશ થઇને બોલી જવાય છે - 'વાહ! આ સ્વર્ગ છે!' તેની પર લખ્યું છે. "This is The limit"-

આપણી જિંદગીના વળાંક પર આવો જ એક dead end આવી જાય છે, જ્યાંથી પાછા ફરવું બની જાય છે. સહૃદયતા અને સરળતા. વધતા ઓછા અંશે સૌ કોઇનું મહત્ત્વ સ્વીકારવા જેટલી સહજતા.

ઘણીવાર આપણી વાતોમાં વિરોધ અને વાદ-વિવાદ આવી જાય છે. સામેની વ્યક્તિ તરફ મનમાં આદર ન હોય ત્યારે ઔપચારિકતા આવી જાય છે. આપણી સત્તા કે પ્રભાવ ટકાવી રાખવા ઉગ્ર બનતાં વાર નથી લાગતી. એના કરતાં થોડાંક સૌમ્ય બની શકીએ તો મજા આવે. હળવાશ આવે.

આના સંદર્ભમાં 'એન્ડ્રુ ગિલ્લિસ' નામના કવિએ પ્રાર્થના લખી છે એ એવા મતલબની છે કે, "ગઇકાલે રાતે મારા બાળકે પોતાની કોઇ બાલિશ ભૂલની મારી આગળ કબૂલાત કરી અને મારી સમક્ષ લળીને અશ્રુભીની આંખે પ્રાર્થના કરી કે, વ્હાલા ભગવાન, તમે મને મારા બાપુજી જેવો મરદ બનાવજો. હું જાણું છું કે તમે એ કરી શકો એમ છો. તે પછી એ જ્યારે ઊંઘી ગયો ત્યારે એની પથારી પાસે ઘૂંટણીયે પડી મેં મારા પાપનો એકરાર કર્યો અને નમ્ર અને નત મસ્તકે પ્રાર્થના કરી કે, હે પ્રભુ, મારા આ બાળક જેવો મને બનાવ - પવિત્ર - કપટરહિત અને શ્રધ્ધાસભર."

કવિ રાજેન્દ્ર શુક્લના શબ્દોમાં કહીએ તો,

મારું તારું ને ગમવું પણ
લાવ કરીએ સહિયારું!
તું જીતે ને થાઉં ખુશી હું
લેને ફરી ફરીને હારું!

આઈપીએલ ક્રિકેટના મનોરંજનના તડકા સાથેના ત્રણ કલાકના રિઆલીટી શોને ચિઅર્સ કરવાં પ્રિયંકા-કરિના મેદાનમાં ઉતરશે

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

ઈન્ડિયન પ્રિમીયર લીગમાં પડઘમ એશિયા કપમાંથી ભારતની બાદબાકી થતાં જ શરૂ થઈ ગયાં છે. આ સ્પર્ધાની અવનવી વાતો અને ટ્વીટર - ફેસબુક અપડેટ્સ ચાલુ થઈ ગયાં છે... અમિતાભ બચ્ચન, દબંગ સલ્લુ મીયાં, છમ્મક છલ્લો કરીના કપૂર, મારકણી પ્રિયંકા ચોપડા, ઉદ્‌ઘાટનમાં લટકા ઝટકાં કરવા થનગની રહી છે... ક્રિકેટનો મનોરંજનનાં તડકા સાથે 'વર્લ્ડ હૉટેસ્ટ સ્પોર્ટીંગ લીગ' સેટ મેક્સ પર છવાઈ જતાં અન્ય ચેનલો ત્યાં કાગડાં ઉડશે એવું વાતાવરણ તૈયાર થઈ ગયું છે...

વિશ્વભરનાં નામાંકીત ખેલાડીઓ રંગ-બીરંગી કપડાંમાં સજ્જ ચોગ્ગા-છગ્ગાની ઝડી વરસાવશે... કરોડો રૂપિયાની જાહેરાતોનો મારો ચાલશે અને આઈ.પી.એલ ટી-૨૦ નો ત્રણ કલાકનો રીયાલીટી શો છવાઈ જશે... ટી-૨૦ ની તડાફટ મેચો અને એમાં મનોરંજનનાં વધાર સાથે લપસણી હીરોઈનો અને મસલ્સમેન જેવાં હીરો ઑડિયન્સ વચ્ચે હાજર રહેશે, દરેક ટીમોનાં પાછાં એમનાં ફેન્સ અને ક્રિકેટની ખબર ના પડે તોય નાચતી રહેતી ચિઅર્સ ગર્લ્સ... નવ ટીમો, ૭૬ મેચો, ૧૨ સ્થળે, અડધો ડઝન મુખ્ય સ્પોન્સર્સ અને સેલીબ્રિટીઝ

સાથે આજે મુંબઈ ઈન્ડિયન - ચેન્નઈ સુપર કિંગ્સ મનોરંજનના મહાશોનાં પાંચમા ભાગનું ખાતું ખોલાવશે...

આમ તો ક્રિકેટ એટલે પુરૂષોની મનગમતી રમત એવી ઓળખ હતી. પણ યુવતીઓ અને ખાસ કરીને કૉલેજ ગર્લ્સમાં ક્રિકેટનો ક્રેઝ વધારવાનું કામ કામ ટી-૨૦ ક્રિકેટ અને એમાંય આઈ.પી.એલ ક્રિકેટે કર્યું છે એવું સ્વીકાર કર્યે છૂટકો... ધોનીની ચેન્નઈ સુપર કિંગ્સ જીતશે કે સચીનની મુંબઈ ઈન્ડિયન્સ બાઝી મારશે? વિરાટ કોહલી હજુ કેવો રંગ લાગશે? ક્રિસ ગેઈલ કેટલાં છગ્ગા મારશે? યુસુફ પઠાણ કોલકત્તાને જીતાડશે? જેવી ચર્ચાઓ ફરી એકવાર યુવક-યુવતીઓમાં ચાલુ થઈ ગઈ છે!!

ક્રિકેટ માટે ૨૦૦૭ નું વર્ષ ખુબ ઉથલપાથલ વાળું રહ્યું. વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલાં વર્લ્ડકપમાં રાહુલ દ્રવિડના નેતૃત્વ વાળી ક્રિકેટ ટીમ શરૂઆતની મેચમાં જ બાંગ્લાદેશ જેવી ફાલતું ટીમ સામે હારી ઘર ભેગી થઈ ગઈ... ભારતીય પ્રેક્ષકોએ લગભગ વન-ડે ક્રિકેટનો બહિષ્કાર કર્યા જેવું વાતાવરણ થયું અને બરાબર ચાર મહિના બાદ સિનિયરોની ગેરહાજરીમાં મહેન્દ્રસિંહ ધોનીએ યંગિસ્તાનની યુવા ટીમ સામે ટી-૨૦ નો વર્લ્ડકપ જીતાડી દીધો અને ભારતીય ભૂલકણાં પ્રેક્ષકો ફરી ક્રિકેટ તરફ વધ્યાં...

૨૦-૨૦ ઑવરોની બે ઈનિંગ, અને એનાં કારણે પહેલાં દડાથી જ ચોગ્ગા કે છગ્ગાની જમાવટ, એક-એક રન બચાવવાં દોડાદોડી કરતાં ફિલ્ડરો, દરેક ઑવર બાદ કે બૉલ બાદ બદલાતી મેચની પરિસ્થિતિ, સુપર ઑવર, બૉલ આઉટ જેવાં શબ્દો આ બધાંની ખબર આ મનોરંજનના મેળાવડાએ કરી. પ્રેક્ષકોનાં સંયમની પરીક્ષા કરનારી ટેસ્ટ મેચ, ક્યારેક લગભગ એકસરખાં જ પરિણામો આપતી વન-ડે માં ટી-૨૦ નાં આવિષ્કારે ભિન્ન અને વિશેષ એટલે તાજી ભાજી જેવી મજા મળવા લાગી... એમાંય ટી-૨૦માં ભારત વર્લ્ડ ચેંમ્પિયન બનતાં આનો જબરદસ્ત ક્રેઝ વધ્યો અને આઈ.પી.એલ. સફળ થઈ ગઈ...

મુંબઈ, દિલ્હી, કોલકાત્તા અને ચેન્નાઈ મેટ્રોસીટીની સાથે હૈદરાબાદ, બેંગ્લોર, પંજાબ અને રાજસ્થાન જેવી આઠ ટીમો બની. ટીમની માલિકી હક્ક મેળવવાં ઉદ્યોગપતિઓએ પાણીની જેમ પૈસા વાપર્યા અને એનાં કારણે આ માત્ર બેટ-બૉલની રમત નહીં પણ પૈસાનો પણ એક ખેલ છે એવું ચિત્ર ઉપસી આવ્યું...

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૪થી એપ્રિલ છત્રપતિ શિવાજી મહારાજની પુણ્યતિથિ

સફળ સેનાપતિ અને રાષ્ટ્ર નિર્માતા છત્રપતિ શિવાજી મહારાજની આજે પુણ્યતિથિ. ૧૦-૪-૧૬૨૭માં જન્મેલાં શિવાજીએ મોગલ સેનાપતિઓ અને ઔરંગઝેબની ઊંઘ હરામ કરી દીધી હતી.

અષ્ટ પ્રધાનમંડળથી સહાયથી સુંદર વહીવટ કર્યો. જમીનદારી પ્રથાનો અંતરાય દૂર કરી ગરીબોને મદદરૂપ થયા. તા. ૪-૪-૧૬૮૦માં તેમનું અવસાન થયું.

સંગીત સમ્રાટ કુંદનલાલ સાયગલનો જન્મદિન

સંગીતનું કોઈ પણ પધ્ધતિસરનું શિક્ષણ મેળવ્યું ન હોવા છતાંય પ્રેક્ષકોનું લક્ષ્ય આકર્ષિત કરનારા કુંદનલાલ સાયગલ સંગીતની દુનિયાનું નજરાણું છે. શાહજહાં, દેવદાસ, દિયા-જલાવ (તાનસેન), દો નૈના મતવાલે (મેરી બહના) જેવી, જેવી ફિલ્મોનાં ગીતો ગાનારા સાયગલ ચાહકોને પોતાના કંઠથી મંત્રમુગ્ધ કરી દેતાં.

'જબ દિલ હી ટૂટ ગયા...', 'ગમ દિએ મુનકિલ...' જેવા દર્દીલા ગીતો ગાનારા સાયગલ ૧૯-૧-૧૯૪૬માં જગ્યા પરથી પ્રસ્થાન કરી ગયા.

● કરમસદ ખાતે ગાંધીજીએ તા. ૪-૪-૧૯૧૮માં સભા કરી. -૪-૪-૧૯૩૦ માં ગાંધીજી કરાડી-નવસારી પહોંચ્યા. આ સભામાં દાંડીકૂચનો સંદેશો આપ્યો.

ડોકટર પ્રિતેશ અને ઇન્દુ નિરાશાના ઊંડા સાગરમાં ડૂબી રહ્યા હતા, ઈશા વિનાની જિંદગીની કલ્પના પણ એ કરી શકતા ન હતા

નવાં કલેવર
- નટવર હેડાઉ

(ગતાંકનું ચાલુ)

તેને તેના પર જરાય વિશ્વાસ ન હતો. પણ એક જ મહિનામાં ડૉ. પ્રિતેશે જે ચમત્કાર કરી દેખાડ્યો તે બીજા ડૉકટરો કરી શક્યા ન હતા. લગભગ ત્રણ મહિનાની ટ્રીટમેન્ટમાં સફેદ ડાઘ બિલકુલ મટી ગોય. તે દરમિયાન ડૉ. પ્રિતેશ સાથે તેને મનમેળ બેસી ગયો અને બંને એ લગ્ન કરી દીધા. લગ્ન પછી ત્રણેક વર્ષમાં ડૉ. પ્રિતેશએ ખુબ જ જાણીતા થઈ ગયા હતા. શહેરમાં જાણીતા ડૉકટરોમાં તેઓ એક ગણાવા લાગ્યા હતા. તેમને ત્યાં હવે દીકરી ઈશાનું આગમન થઈ ચૂક્યું હતું. ઈશા ડૉ. પ્રિતેશ અને ઈન્દુની આંખનું રતન હતી. બંને તેને ખુબ જ પ્રેમ કરતાં હતા. તેમને નક્કી કરી લીધેલું કે એક બાળકીથી જ તેઓ સંતોષ માનશે. બંને ખુબ જ સુખી હતાં. બંને નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારીઓ નીભાવતાં હતા. અને બાકીનો સમય પોતાના નાનાં કુટુંબને આપતા.

ઈશાને સ્કૂલેથી લાવવા - લઈ જવાનું ચીમન રીક્ષાવાળાને સોંપેલું હતું. ઈશાને પણ રીક્ષામાં આવવા જવાનું ગમતું હતું. તે પણ ચીમન સાથે ખુબ હળીમળી ગઈ હતી. તેણે પોતાની મીઠી અને બાળ સુલભ વાતોથી ચીમનનું મન મોહી લીધું હતું.

શનિવારની ઘટનાએ ડૉ. પ્રિતેશ અને ઈન્દુને એવાં ટેન્શનમાં નાંખી દીધા હતા કે તેમને સમજમ પડતી નહોતી કે પોતાની દીકરીને કયાં શોધે.

પોલીસમાં ફરિયાદ થતાં પોલીસ પ્રક્રિયા થઈ ગઈ. એકાદ કલાકમાં તેને ચીમન રીક્ષાવાળાને પકડી પાડ્યો. પોલીસ ચોકીમાં લાવીને ફટકાવવાનું શરૂ કર્યું. પણ ચીમને કહ્યું કે હું ઈશા બાબતે કંઈ જાણતો નથી. ડૉ. પ્રિતેશ અને ઈન્દુ પોલીસ ચોકીમાં ચીમનને મળ્યાં. ઈન્દુએ રડતાં રડતાં કહ્યું, 'ચીમન મારી દીકરી મને પાછી આપી દે. તારે જેટલા જોઈએ તેટલા પૈસા તને આપીએ.'

'બહેન હું નિર્દોષ છું. ઈશા મને સ્કૂલમાં ન મળી તેથી મેં એમ માન્યું કે ડૉકટર સાહેબ આવીને લઈ ગયા હશે... હું તેને શું કામ લઈ જાઉં.'

'તેં એને વેચી દીધી હશે. રૂપિયાની લાલચમાં તે આ કૃત્ય કર્યું લાગે છે. ઈન્સ્પેકટર સાહેબ એને મારો, એની ચામડી ઉતરડી લો. તેના સિવાય મારી દીકરીને બીજું કોણ લઈ જાય. કોણ જાણે મારી દીકરી કયાં અને કેવી હાલતમાં હશે.' એમ કહેતાં એ જોર જોરથી રડવા લાગી.

ઈન્સ્પેકટરે તેને સાંત્વના આપતાં કહ્યું. 'મેડમ, ધીરજ રાખો. અને રીક્ષાવાળા પાસે વાત કઢાવવાની કોશિષ કરીએ છીએ. મને વિશ્વાસ છે કે તમારી દીકરી બહુ જલ્દી મળી જશે. ડૉકટર પ્રિતેશે ત્યારે ચીમનને કહ્યું, 'મારા અહેસાસના બદલામાં તેં જો આ નીચ કામ કર્યું હશે તો ભગવાન તને કોઈ દિવસ માફ નહીં કરે.' તને યાદ છે ને કે રીક્ષા ખરીદતી વખતે મેં તને મદદ કરેલી. અને ટ્રાન્સપોર્ટમાંથી દવાનાં પાર્સલો લાવવાનું કામ મેં તને જ સોંપેલું. એ ઉપરાંત ઈશાને સ્કૂલ બસમાં ન મોકલતાં તેને લાવવા લઈ જવાનું કામ તને આપ્યું. અને તેં અમારી સાથે...

ચીમન જોર જોરથી રડવા લાગ્યો. તેણે કહ્યું, 'સાહેબ, તમારા જેવા ભલા માણસ સાથે હું એવું કઈ રીતે કરું, હું તો મારી રોજીરોટીથી ખુશ શું. મેં સપનામાં પણ એવું વિચાર્યું નથી. સાહેબ મને છોડાવો, મારો છોકરો બિમાર છે.'

ડૉ. પ્રિતેશે તેની વાતને ધ્યાનમાં લીધા વિના જ ઈન્દુને લઈ ઘેર આવી ગયા. બંને જાણે જીવતી લાશની જેમ ડ્રોઈંગ રૂમમાં બેઠાં હતાં. આજુબાજુથી પાડોશીઓ આવી સાંત્વના આપતાં હતા. ઈન્દુ હિબકાં ભરી ભરીને રડયે જ જતી હતી. અમુક લોકો ધીમા અવાજે શહેરમાંથી બાળકોને ઉઠાવી જતી ગેંગની વાતો કરતાં હતા. પોલીસે ઘરની કામવાળીની પણ કડક પૂછપરછ કરી. ચીમન માર ખાતાં ખાતાં બેભાન થઈ ગયો. તેના મોંમાંથી એક જ શબ્દો હતા. 'હું એવું કઈ રીતે કરી શકું.'

ડૉકટર પ્રિતેશ અને ઈન્દુ નિરાશાનાં ઉંડા સાગરમાં ડુબી રહ્યા હતા. ઈશા વિનાની જિંદગીની કલ્પના પણ એ કરી શકતાં ન હતા.

સાંજના છ વાગ્યા. દિવસ ઢળી રહ્યો હતો. ત્યાં અચાનક એક કાર તેમના બંગલા પાસે આવીને ઊભી રહી. તે કાર ડૉ. પ્રિતેશના મિત્ર આકાશ અગ્રવાલની હતી. શાહ દંપતીને એમ લાગ્યું કે કદાચ આકાશને ઈશાના ગુમ થવાની જાણ થઈ તેથી આવ્યા લાગે છે. પણ આ શું? તેમની પાછળ પાછળ કારમાંથી બે બાળકીઓ પણ ઉતરી. તેમાં એક તો તેમની દીકરી અલ્પના હતી. અને બીજી ઈશા. પ્રિતેશે ખુશીના માર્યા બૂમ પાડી. ઈશા... એ સાંભળતા જ ઈન્દુ હતપ્રભ તેના તરફ જોઈ બેબાકળી થઈ દોડી. અને દિકરીને છાતી સરસી ચાંપી ચૂમીઓ ભરવા લાગી. 'મારી દીકરી... મારા કાળજાંનો કટકો... બેટા તું કયાં ગઈ હતી? આકાશને કંઈ સમજાયું નહીં. શું વાત છે પ્રિતેશ, ભાભી ઈશાને વળગીને આવું કેમ કરે છે. ને આ બધા લોકો ભેગા કેમ થયાં છે?'

'અમે તો આજ આખો દિવસ ઈશાની ચિંતામાં છીએ. ઈન્દુ તો રડી રડીને અડધી થઈ ગઈ છે. અમે અમારા રીક્ષાવાળાને પોલીસ થાણે પુરાવ્યો છે. પણ ઈશા તારી પાસે ક રીતે આવી. આકાશે આશ્ચર્યથી આ વાત સાંભળી અને કહ્યું. 'હું આજે અલ્પનાને લેવા સ્કૂલે ગયો તો ઈશાને સાથે આવવાની જીદ કરી. તેથી તેને ઘેર લઈ ગયો. બંને રમવામાં મશગૂલ હતી. મારે ઓફીસે જવાનું મોડું થતું હતું તેથી મેં મિસીસને કહ્યું કે ભાભીને ફોન કરીને જણાવી દેજે. પણ એ તમને જાણ કરવાનું ભૂલી ગઈ, તમારે તો અહીં મોટી બબાલ થઈ ગઈ.'

(અનુસંધાન પાના નં. ૭ પર)